૨૫ મે, ૨૦૨૦/3200

ડૉ. ઓમ પ્રકાશ, IAS
ડે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી(ઇસ્ટ ઝોન)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
દાણાપીઠ
અમદાવાદ-૩૮૦૦૦૧.

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

**વિષય : અમદાવાદના વિસ્તાર માટેના જીવન-જરૂરી ચીજ-વસ્તુ માટેના હોલસેલ બજારો ખોલવા બાબત.**

**માનનીય સાહેબશ્રી,**

કોરોના મહામારીને કારણે અમલી બનેલા લૉકડાઉનને કારણે અમદાવાદના નાગરિકોને જીવનજરૂરી ચીજ-વસ્તુઓ જેવી કે અનાજ, ચોખા, કઠોળ, તેલ વિગેરેના અપૂરતા જથ્થાને લીધે હાલાકીનો સામનો કરવો પડે છે.

આ સંદર્ભમાં આપશ્રીને જણાવવાનું કે અમદાવાદના હોલસેલ બજારો જેવા કે જુના માધુપુરા, નવા માધુપુરા, કાલુપુર લાટબજાર, તેલ બજાર, ઘી બજાર અમદાવાદ તથા અમદાવાદની આજુબાજુમાં હોલસેલમાં સપ્લાય કરે છે. આ બજાર બંધ હોવાને લીધે છુટક વેપારીઓ તકનો લાભ લઇ ગ્રાહકો પાસેથી બમણો નફો મેળવી રહ્યા છે આ પરિસ્થિતિમાં મધ્યમ વર્ગને બેવડા મારનો સામનો કરવો પડે છે અને બીજી તરફ હોલસેલ વેપારીઓનો સામાન ગોડાઉનના લાંબા સમયે બંધ હોવાને કારણે બગડી રહ્યો છે.

આ હોલસેલ માર્કેટોને પણ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઇડલાઇન મુજબ હેલ્થ કાર્ડ, માસ્ક, સેનેટાઇઝર અને સોશિયલ ડીસ્ટન્સના નિયમોનું પાલન કરવાની શરતે તાત્કાલિક ધોરણે ખોલવા અમારી વિનંતી છે જેથી રાબેતા મુજબ બજારોમાં જીવન-જરૂરી આવશ્યક ચીજ-વસ્તુઓની સરળતાથી અને વ્યાજબી ભાવે ઉપલબ્ધ થઇ શકે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે હોલસેલ માર્કેટમાં હેલ્થ કાર્ડની જરૂરિયાત છે કે નહીં અને જો જરૂર હોય તો તેમને તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ થઇ શકે તે અંગે ઘટતું કરવા અમારી વિનંતી છે. આ સંદર્ભમાં મ્યુનિ. કોર્પોરેશન તથા GCCI દ્વારા એસોસીયેશનોને સાથે રાખીને હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવાનું આયોજન કરેલ હતું પરંતુ હોલસેલ માર્કેટો ના ખુલતા આ કાર્ય મુલત્વી રહેલ છે.

ઉપરોક્ત વિષયને ધ્યાને લઇ હોલસેલ માર્કેટને તાત્કાલિક ધોરણે ખોલવાની છુટ આપવા અંગે સકારાત્મક નિર્ણય લેવા અમારી આપશ્રીને વિનંતી છે.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
પ્રમુખ